# યુનિક ચીલ્ડ્રન ક્લબની ગૌરવગાથા



**અતુલ ઘનશ્યામ ભટ્ટ**
યુસીસીના સ્થાપક
B.E.(Mech), B.E.(Elect.),
M.E. (Elect), F.I.E. India

અમદાવાદની એલ.ડી. એન્જિનીયરીંગ કોલેજમાં ભણી, સાત વર્ષ પ્રોફેસર તરીકે કામગીરી, ત્યારબાદ ખ્યાતનામ કેડીલા લેબોરેટરીમાં મશીન મેન્યુફેક્ચરીંગ ડિવિઝનમાં બાર વર્ષ, ત્યારબાદ આર.પી. ગોએન્કાના જાપાન રીકો કંપની લિમિટેડના કોલોબ્રેશનમાં ગાંધીનગર ઈલેક્ટ્રોનીક ઝોનના સંકુલમાં ૧૫ વર્ષ, કેડીલા ઝાયડસ્નો પ્રથમ એમ્પ્લોઈ પ્રોફીટ સેન્ટર ઈન્ચાર્જ મેડીકલ ઈન્સ્ટ્રુમેન્ટ ડિવિઝનમાં ૮ વર્ષ, છેલ્લે ગણપત વિદ્યાલય, મહેસાણા, ગુજરાતમાં પ્રોફેસર.

પચાસ વર્ષની ઉંમરે એક સ્વનિશ્ચિત કાર્યક્રમ વિચારેલો કે સાઠ વર્ષે પ્રવૃત્તિનું પાસું બદલવું. નાણાં ઉપાર્જન શૂન્ય સાથે, એ મુજબ ૨૦૦૧ની સાલથી મારી આનંદ ઉપાર્જનની કર્મયાત્રા શરૂ કરી. બ્રાહ્મણ હોવાને નાતે ભણવું, ભણાવવું ગળથૂથીમાં એટલે સ્ટુડન્ટસ મોટીવેશન અને ટીચીંગ તદ્દન વિનામૂલ્યે. બાળપણમાં સંગીતનો શોખ હોવાથી, અમદાવાદ શહેરમાં વિનામૂલ્ય બેનમૂન શ્રદ્ધાંજલિ, વૃદ્ધો તથા દર્દીઓની પાસે જઈ પોઝીટીવ વાતો, ગીતો, શ્લોકોચ્ચાર... અને અચાનક મારા એક ડૉક્ટર મિત્ર ડૉ. ધીરેન ગંજવાલા જે સેરેબ્રલ પાલ્સીની સર્જરી માટેનાં નિષ્ણાંત ઓર્થોપેડીક સર્જન છે અને દેશવિદેશમાં વ્યાખ્યાનો આપવા પણ જાય છે. એમણે અમદાવાદમાં નવરંગપુરામાં આવેલ ડિફરન્ટલી એબલ્ડ બાળકોની આવી સંસ્થામાં મને ઓનરરી કાર્ય સોંપ્યું. લગભગ આઠ વર્ષ ખૂબ જ લગન અને મહેનતથી સંસ્થાને બેનમૂન બનાવી. મલ્ટી ફેકલ્ટી ડેડીકેટેડ ડૉક્ટર્સ, મલ્ટી ફેકલ્ટી થેરાપીસ્ટ, સાયકોલોજીસ્ટ, ફિઝિયોથેરાપીસ્ટ, ઓક્યુપેશનલ થેરાપીસ્ટ, સ્પીચ થેરાપીસ્ટ, ઓર્થોપેડીક અને ઓપ્થોમોલોજીસ્ટ, ન્યુરો પીડીયાટ્રીક્સ વગેરેનો સાથ લઈ તદ્દન સાયન્ટીફીક ઢબે 'ટ્રીટમેન્ટ પ્લાન વીથ એપોઈન્ટમેન્ટ' એસ્ટાબ્લીશ કર્યો. સંસ્થા સુંદરત્તમ ચાલવા લાગી અને એક દિવસ વિચાર ઝબુક્યો.! આ બાળકોને થેરાપી આપવા ઘણાં બધા સેન્ટરો કામ કરે છે પણ એમને સાચા હૂંફ, પ્રેમ અને પરિવારની ભાવના કોણ આપશે? એમને આનંદ કોણ કરાવશે? એમને પ્રોત્સાહિત કરી નવી પ્રેરણા કોણ આપશે? 'મારાં અંતરના ઓવારેથી સંસ્થાને વંદન.' નિર્ણય થઈ ગયો અને હવે 'યુનિક ચીલ્ડ્રન ક્લબ' એક અનન્ય પરિવારની કલ્પનાને પાંખ આપવા મચી પડ્યો છું.

બસ, લગભગ ત્યારથી એટલે કે, ૨૦૧૧થી શુભારંભી આગવી, અનન્ય 'યુનિક ચીલ્ડ્રન ક્લબ'ની શરૂઆત થઈ. ડિફરન્ટલી એબલ્ડ બાળકોને માતા-પિતા, સમાજમાં, પાર્ટીઓ કે ક્લબ કે ગાર્ડનમાં પણ લઈ જતા સંકોચ પામે છે. રખે કોઈ પૂછશે કે, આવું તમારું બાળક છે? મારી આઠ વર્ષની યાત્રા દરમિયાન મેં એવું અનુભવ્યું કે બાળકમાં એક નોર્મલ બાળકને બહાર લઈ જાય અને પેલા બીજાને ઘરે મૂકીને જાય. આ આઠ વર્ષ દરમિયાન હું ચાર-પાંચ વખત યુ.એસ.એ. ગયેલો ત્યારે મારા ખર્ચે આવા બાળકો અને આવી વ્યક્તિઓની સંસ્થામાં ટ્રેઈનીંગ પણ લીધેલી.

અમદાવાદ અને ગુજરાતની લગભગ બધી જ સંસ્થાઓમાં મેં જઈ ઘણાં બધા નવા પ્રયોગો, પદ્ધતિઓ સમજી-વિચારી અને મારા સંકુલમાં અમલમાં પણ મૂકેલી.



અને બસ પછી તો મારી 'યુનિક ચીલ્ડ્રન ક્લબ'ના બાળકો એ મારા પ્રાણ. એ જ મારો શ્વાસ. મહિનાના એક કે બે રવિવારે સવારે ૧૦થી ૧ આ સોશ્યલ ક્લબમાં બાળકો, એમના માતા-પિતા તથા અમારા શુભચિંતકો આવે અને આ પરિવારના દરેક સભ્યને હૂંફ પ્રેમ આપે. આ ક્લબ ક્યાંય રજિસ્ટર્ડ નથી, એના કોઈપણ ઓફિસ બેરર નથી. કોઈ રજિસ્ટર્ડ ઓફિસ નથી. કોઈ રજિસ્ટ્રેશન ફી નથી. હા, આ ક્લબના રજિસ્ટર્ડ બાળકના વાલીની બે મુખ્ય ફરજ છે. (૧) દરેક કાર્યક્રમમાં નિયમિત માતા અને પિતા એ બંનેએ આવવાનું. (૨) નિર્ધારિત સમય કરતાં ૧૫ મિનિટ પહેલા આવવાનું. આ નિયમોનું પાલન નહીં કરનારને પેનલ્ટી કરવામાં આવે છે.

અમારા કાર્યક્રમમાં (૧) કોઈ પણ નિષ્ણાંત ડૉક્ટર, થેરાપીસ્ટ, સાયકોલોજીસ્ટ, કે કોઈ પણ પેશન્ટ કે જેમણે ડિફરન્ટલી એબલ્ડ બાળકને ઉછેરી અવ્વલ બનાવ્યું હોય, તેમનું મોટીવેટીંગ લેક્ચર (૨) બાળગીતો, ડાન્સ સાથે (૩) બાળકને જ કામમાં આવે એવી ભેટનું વિતરણ (૪) ભરપેટ નાસ્તો. લગભગ ૩૫ રજીસ્ટર્ડ બાળકો, ૭૦ માતા-પિતા અને બીજા ૩૦થી ૪૦ શુભચિંતકો સાથે આ પરિવાર બન્યો છે.

આ કાર્યક્રમ ક્યાં કરવો એ એક મોટી મૂંઝવણ હતી. પરંતુ... મારી એન્જિનિયરીંગ કારકિર્દી દરમિયાન મને બાયોમેડીકલનો શોખ હતો તે પણ મારા અભિયાનમાં ઘણો જ કામમાં આવ્યો.

અમદાવાદના પરિમલ ગાર્ડન સ્થિત 'હેલ્ધી ફ્યુચર'ના ન્યુરો ફિઝિયોથેરાપીસ્ટ ડૉ. રશ્મિકાંત શાહ અને ડૉ. તોશીબા શાહ... લંડન દસ વર્ષ રહી અમદાવાદ સ્થાયી થયા. અમદાવાદના પરિમલ ગાર્ડન સ્થિત 'હેલ્ધી ફ્યુચર' -વિશાળ દવાખાનું, અલ્ટ્રામોર્ડન વિદેશના ઈક્વીપમેન્ટ લઈને આવેલા. પહેલે જ અઠવાડિયે મશીન બગડ્યું. અનાયાસે મારો કોન્ટેક અને ૧૫ મિનિટમાં મશીન ચાલુ. 'કેટલો ચાર્જ આપું અતુલ અંકલ?'... 'કાંઈ જ નહીં.' બસ, એ જ મારી પહેચાન. આજે આ જ ડૉક્ટરનો વિશાળ હોલ અમે દર મહિનાના એક રવિવારે અમારી 'યુનિક ચીલ્ડ્રન ક્લબ' પરિવારના સ્નેહમિલન માટે વાપરીએ છીએ. સારા ડેડીકેટેડ, નોલેજેબલ વક્તાઓ શોધવા મુશ્કેલ પડે છે. પણ ઘણીવાર વ્યક્તિને વાત કર્યા પછી વર્ષે પણ ફોન દ્વારા કહે 'અતુલ ભાઈ, આવતો રવિવાર મારો.' ત્યારે હૃદયમાં આનંદના મોજાં ઉછળવા લાગે છે. જાણે સુનામી આનંદ.

તમને જરૂર પ્રશ્ન થાય કે આ બધું ચાલી રહ્યું છે કેવી રીતે? હા, નાણાં વિના કાંઈ જ ના થાય. કિંતુ એ પણ માતા-પિતાએ બાળપણમાં શીખવાડેલું, 'કોઈ પણ કાર્યફળની અપેક્ષા વિના ફક્ત આનંદ માટે કરશો તો લક્ષ્મી તમારી સાથ-સંગાથે જ રહેશે.' આજે હું ગૌરવ સાથે કહું છું કે, મારા આ કાર્યમાં મને કદી નાણાંની તકલીફ, અરે.. નાણાં ઉઘરાવવા જવાની પણ જરૂર પડી નથી. એ પવિત્ર, શુદ્ધ-વિશુદ્ધ, સ્નેહસભર લક્ષ્મીનો પ્રવાહ અવિરત મારાં બાળકો માટે વહ્યાં જ કરે છે, વહ્યાં જ કરે છે.



અમારા આ યુનિક બાળકોના બધા જ કાર્યક્રમોનાં નાણાંનું આયોજન પણ યુનિક છે. અમારી ક્લબનું નથી કોઈ બેન્ક એકાઉન્ટ, નથી કોઈ ફંડ કલેક્શન સેન્ટર... અમે નાણાંનો સંગ્રહ કરવામાં માનતા નથી. અમારા દરેક કાર્યક્રમનું આયોજન અઠવાડિયા પહેલા થાય, બધા મેમ્બરોને વોટ્સએપ, એસ.એમ.એસ., ફોન દ્વારા બે-ત્રણ વખત ખબર આપવામાં આવે. અમારા ઔદાર્યશીલ, સ્નેહી સ્વજન શ્રી કિરીટભાઈ પટેલ અને નિર્મલ પટેલને મારું બજેટીંગ જણાવી દેવાતું. જે કાંઈ ખર્ચ થાય તે યોગ્ય રીતે પેમેન્ટ કરી જ દે અને તેના બીલ્સ, માહિતી એમને બીજા દિવસે પહોંચી જ જાય.

અમારી આ ક્લબમાં ૨૦૧૫ એપ્રિલથી એક નવો પ્રોજેક્ટ તે 'પ્રોજેક્ટ ઓપરેશન'. આવા બાળકોને નાની ઉંમરમાં નિષ્ણાંત ડૉક્ટર પાસે ઑપરેશન કરાવી, ત્યારપછીની નિયમિત ફિઝિયોથેરાપી અને અન્ય વોકર, ક્રચીઝ કે શૂઝ દ્વારા સાર-સંભાળ લેવામાં આવે તો ઘણો જ ફાયદો થાય છે. મારા સ્વજન મિત્ર ડૉ. ધીરેન ગંજવાલા જે આવા બાળકોના ઑપરેશનના નિષ્ણાંત, માનવતાવાદી, ઓર્થોપેડીક સર્જન છે. તે તેમના પ્રાઈવેટ નર્સિંગ હોમમાં ઑપરેશન કરાવવાનો આ પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટમાં બાળકના માતા-પિતાને મોટીવેટ કરી ઑપરેશન માટે સમજાવવા, ત્યારપછી તેમના ઘરે જઈ એની સાચી નાણાંકીય પરિસ્થિતિ જાણી, નક્કી કરીએ કે બાળકના પેરેન્ટસે કેટલું ભંડોળ આપવાનું. બાળકના માતા-પિતાએ રૂા. ૧ (એક) આપવાનો જ. અને બાકી બધું અમારા દાતા બેંક ચેક દ્વારા ડૉક્ટરને એ જ દિવસે પહોંચાડે અને અઠવાડિયામાં ઑપરેશન થઈ જ જાય. અને આ બધા જ બાળકો ચાલતા-દોડતા, ખાતા-પીતા થઈ અમારા કાર્યક્રમોમાં આવે ત્યારે... બીજાને પણ જાદુઈ પ્રેરણા મળી જાય. અમે પણ અમારા બાળકને ઑપરેશન કરાવીએ તો?

૨૦૧૫માં અમારી યુનિક ક્લબે પાંચ વર્ષ પૂર્ણ કર્યા એનો એક અનન્ય સ્નેહ મિલન સમારંભનો વિચાર ઝબુક્યો... મહિના પહેલા આયોજન નક્કી કર્યું. મ્યુનિ. ગાર્ડન કે અન્ય વિનામૂલ્ય જગ્યાઓની શોધમાં આકસ્મિક, નવરંગપુરાનો ખ્યાતનામ હૉલ 'ઈશ્વરભુવન'ના શ્રી રમાકાંતભાઈ જે મારી સાથે શાળામાં ભણેલા તેમનો સંપર્ક કરતાં, કાર્યક્રમ સંપૂર્ણ વિનામૂલ્યે સુંદર જગ્યા, સ્ટેજ, ખુરશી, જમણવાર માટેના વાસણો, કાર્યક્રમ માટે લાઈટ અને માઈક બધું જ સરળ રીતે ગોઠવાઈ ગયું. અને બાળકો રંગબેરંગી કપડાં પહેરી જે નાચ્યા છે, જે નાચ્યા છે સાથે તેમના માતા-પિતા પણ બધા જ દુ:ખ ભૂલી આનંદથી નાચ્યા છે. આ સાથે એમની એક વિડિયો પણ તૈયાર કરી. લગભગ ૧૨૫ માણસોનો જમણવાર પ્રસાદી, દરેક બાળકને શુદ્ધ ચાંદીનો ચંદ્રક ગળામાં પહેરાવવામાં આવ્યો અને છેલ્લે સૌને ઘરે બનાવેલી સુખડીનું પેકેટ નવા વર્ષની શુભેચ્છા સ્વરૂપે આપવામાં આવ્યું.





ચંદ્રકની ડિઝાઈન પણ અમારી ક્રિએટીવ ટીમે બનાવી. ડાઈ પણ અમારા પરિવારના અમીત વિસ્પુતે બનાવી અને ચાંદીના સિક્કા પણ બનાવી આપ્યા.



પરમાત્માને એ જ પ્રાર્થના.. 'હે પરમાત્મા આવા વિશ્વના બધા જ બાળકોને તેં આપેલ શક્તિનો સદ્ઉપયોગ શીખવાડી અમને વિશ્વમાં સ્વમાનભેર સન્માનિત, જીવંત જિંદગી જીવવાની પ્રેરણા સદા આપ્યા જ કર.' આવા બાળકો અને વ્યક્તિઓ માટે યુ.એસ. અને અન્ય દેશોમાં તો સરકાર જ દત્તક લઈને તૈયાર કરે એવા નિયમો અને પાલન છે. ભારતમાં પણ હવે ઘણાં બધા લોકો આવા અભિયાનમાં જોડાયા છે. ભારત સરકાર પણ આ અભિયાનને પ્રવેગ આપે તો કેવું? વિશ્વના યુનિક ચીલ્ડ્રનોને પ્રણામ સહ શુભેચ્છા.

અને અંતમાં... મને ઘણાં બધાનો એક જ સવાલ હોય છે...'અતુલભાઈ, તમને આ કાર્યોમાંથી શું મળે છે?' હું બેધડક કહું છું, 'મારી મૂડી જ નિસ્પૃહ, નિસ્વાર્થ પ્રેમ છે. તમે ફક્ત પ્રેમને તરતો મૂકી દો, સ્વયં વહેવા દો. જુઓ એ પ્રેમના ઉત્તુંગ મોજાં દરિયાના સુનામીને પણ મ્હાત કરી દે તેવા તમારી પર ઉછળી, ઉછળી તમને આનંદ સાગરમાં ડૂબાડી દેશે. આ આનંદ એ જ પરમાત્મા દર્શન.' જરા પણ અતિશયોક્તિ નથી પણ ૭૩ વર્ષની જીવનયાત્રામાં આટલું નાનકડું સત્ય જરૂર સમજી, અનુભવી પરમાત્મા સ્વરૂપની સ્વાનંદ અનુભૂતિ કરી તૃપ્ત, સંતૃપ્ત થઈ રહ્યો છું. આવા જ તૃપ્ત રહી જિંદગીનો છેલ્લો શ્વાસ પણ પૂર્ણ થાય તો..!?

યુસીસીની યાત્રા હજી ચાલુ છે...

UNIQUE CHILDREN CLUB
*Love. Support. Inspire.*

/UCC16
uniquechildrenclub.org